રજુ કર્યા તારીખ : ૦૭/૦૮/૨૦૨૦
દાખલ તારીખ : ૦૭/૦૮/૨૦૨૦
ફેસલ તારીખ : ૦૨/૦૯/૨૦૨૩
સમયગાળો : વર્ષ, માસ, દિવસ
૦૩ ૦૦ ૨૬

# ઉનાના એડીશનલ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.ઉના, જિ.ગીરસોમનાથ

**કો.પ.અ. નં.૯૦/૨૦૨૦**
**આંક :**

(૧) મીનાક્ષીબેન વા/ઓ અલ્પેશભાઈ ડાભી,

કે/ઓ નાનજીભાઈ રાઠોડ,

ઉ.વ.૨૬, ધંધો: ઘરકામ,

(૨) યુવરાજ અલ્પેશભાઈ ડાભી,

ઉ.વ.૪, ધંધો: કાઈનહી,

(૩) ધ્વની અલ્પેશભાઈ ડાભી,

ઉ.વ.૨, ધંધો: કાઈનહી,

અરજદાર નં.૨, ૩ સગીર ના વાલી દરજજે અરજદાર નં.૧

રે.તમામ ગાંગડા, તા.ઉના, જિ.ગીરસોમનાથ ...... **અરજદાર**

**–– વિરૂધ્ધ ––**

અલ્પેશભાઈ દિનેશભાઈ ડાભી,
ઉ.વ.આ.૨૮, ધંધો: ડ્રાઈવીંગ,
રે.વાસોજ, તા.ઉના, જિ.ગીરસોમનાથ ...... **સામાવાળા**

**અરજ :– ક્રિ.પ્રો.કોડની કલમ–૧૨૫ મુજબ ભરણ પોષણ મેળવવાની અરજી.**

––––––––––––––––––––––––––––––––––––––––

**અરજદાર તરફે વિ.વ.શ્રી એન.વી.રાઠોડ**
**સામાવાળા તરફે વિ.વ. શ્રી જી.ટી.પરમાર**

---

## -: ઠ રા વ :-

**(૧) અરજદારના કેસની હકીકત :-**

સદર કામે અરજદારની ટુંકમાં અરજ હકીકત એવી છે કે, **આ કામના અરજદાર ના લગ્ન હિન્દુ શાસ્ત્રોકત વિધી તથા જ્ઞાતિના રીત રીવાજ મુજબ ગાંગડા ગામે થયેલા છે. આ કામના અરજદારના લગ્ન સહવાસથી ર-સંતાનના જન્મ થયેલા છે તેમાં સૌથી મોટો પુત્ર યુજરાત તથા તેના પછી પુત્રી ધ્વની આવેલ છે. લગ્ન બાદ અરજદાર સામાવાળા સાથે સંયુકત કુટુંબમાં રહેતા હતા , લગ્ન બાદ ચાર-પાચ મહીના સારી રીતે રાખેલ ત્યારબાદ અરજદારને મેણા ટોણા મારવા લાગેલા અને અરજદારના સાસુ પણ મેણા ટોણા મારતા અને અરજદારના પતિને ચઢામણી કરી અરજદારનુ ઘર છોડાવવા મજબુર કરતા અરજદાર ભવિષ્યનો વિચાર કરી સહન કરતા. આમ સામાવાળા અરજદારને મેણા ટોણા, માનસીક દુ:ખત્રાસ, મારકુટ, દહેજ અંગેની માંગણી કરતા. આ કામના સામાવાળાને અન્ય સ્ત્રી સાથે આડા સંબંધ ધરાવે છે અને અરજદાર સાથે અણગમતો વ્યવહાર કરે છે. આમ સામાવાળાએ ખોટી તકરાર ઉભી કરી મલીન ઈરાદાથી પોતાનો કોઈ મલીન હેતુ પાર પાડવા માટે અરજદાર નં.૧ ને મારકુટ કરી પહેરેલ કપડે અરજદારના માવતરના ઘરે બાળકો સાથે કાઢી મુકેલ. જેથી અરજદાર તેમના માવતરના ઘરે જતા રહેલ અને ત્યારથી ઓશીયાળુ જીવન વીતાવે છે.** આમ, અરજદારનો ત્યાગ કર્યા બાદ આજદિન સુધી કયારેય સામાવાળા અરજદારોને તેડવા આવેલ નથી કે તેડવા માટે કોઈ પ્રયત્ન કરેલ નથી કે અરજદારના ભરણપોષણ માટે કોઈ દરકાર લીધેલ નથી. જેથી નાછુટકે અને નાઈલાજે અરજદારને હાલની અરજી દાખલ કરવાની ફરજ પડેલ છે. વધુમાં અરજદારે જણાવેલ છે કે, તેઓ કોઈ હુનર ઉધ્યોગ જાણતા નથી અને તેમની પાસ આવકનું કોઈ સાધન ન હોઈ પોતાના બહેનને ત્યાં ઓશીયાળુ જીવન જીવે છે. જયારે આ કામના સામાવાળા **ડ્રાઈવીંગ કરી મહીને રૂા.૫૦,૦૦૦/-**

**જેટલી આવક મેળવે છે અને સામાવાળાના પિતા ફીશીંગ બોટમાં જઈ વાર્ષિક રૂા.૧ ,૩૮,૦૦૦/– કમાય છે. સામાવાળાને વાસોજ મુકામે માલીકીનુ મકાન આવેલ છે.** આમ, સામાવાળા આર્થીક રીતે સુખી સંપન્ન માણસ છે. જયારે અરજદારને પોતાના કપડા લતા, ખાધા ખોરાકી અને નાની મોટી બીમારીનો ખર્ચ જાતે ઉઠાવવો પડે છે. જેથી અરજદારે હાલની અરજી અરજદાર નં.૧ ને માસીક રૂા.૮,૦૦૦/– તથા અરજદાર નં.ર, ૩ ને અનુક્રમે માસીક રૂા.૩,૫૦૦/– , રૂા.૩,૫૦૦/– ભરણ પોષણ પેટે મેળવવા સદર અદાલતમાં દાખલ કરેલ છે.

(ર) **સામાવાળાનો જવાબ :–**

સદર કામે અરજદારની અરજી સબબ સામાવાળાને સમન્સ/નોટીસ ઈસ્યુ કરવામાં આવતા સામાવાળા પોતાના વિધ્વાન વકીલશ્રી મારફત અદાલત સમક્ષ હાજર થયેલ અને **આંક–૬** થી સામવાાળાએ અરજદારની અરજી વિરૂધ્ધનો જવાબ રજુ કરેલ છે. જેમાં તેઓએ મહદઅંશે અરજદારની અરજ હકીકતોનો ઈન્કાર કરી જણાવેલ છે કે, **તેઓ લગ્ન જીવનની શરૂઆતથી જ અરજદારને ખુબ સારી રીતે રાખતા હતા અને કયારેય અરજદારની સાથે માર કુટ કરી તેણીને દુઃખ ત્રાસ આપેલ નથી. વધુ માં સામાવાળાએ જણાવેલ છે કે, અરજદાર સામાવાળાને પસંદ કરતા ન હોય જેથી અવાર નવાર અરજદારના માવતરે મુકી જવાનુ કહેતા, અરજદાર ઘરમાં કજીયા, કંકાસ કરતા અને મારે તમારી પરીવાર સાથે રહેવુ નથી મને અલગ રાખો નહીતર હુ તમારા ઘરમાંથી જતી રહીશ અને ન જઈશ તો કજીયા કરીશ તેવી પણ ધમકી આપતા હતા તથા અરજદાર કોમ્પ્યુટર જોબ વર્ક કરી માસીક રૂા.ર૦,૦૦૦/– તથા અરજદાર સ્પોર્ટ કલબ ખાતે રૂા.૧૬,૦૦૦/– ની નોકરી પણ કરે છે. જયારે સામાવાળા માત્ર છુટક મજુરી કરી રોજના રૂા.૧૫૦ થી ર૦૦ કમાઈ છે. વધુમાં જણાવે છે કે, અરજદાર સ્વછંદી મીજાજની હોઈ તેમજ અરજદારના લગ્ન પહેલા આડા સંબંધો હોય જે અંગે સામાવાળાને જાણ થતા અરજદારને ઠપકો આપેલ જેથી તેમને સારુ ન લાગતા સામાવાળાને મુંબઈ મુકામે બોલાવી મારકુટ કરેલ હતી. વધુમાં જણાવે છે કે, .**

**અરજદારને સંયુકત કુટુંબમાં સામાવાળા સાથે રહેવુ ગમતુ ન હોય અને અલગ રહેવુ હોય અને પોતાના મોજશોખ પુરા કરવા હોય જેથી હાલના ખોટા આક્ષેપોવાળી અરજી કરેલ છે. સામાવાળા ઉપર સામાવાળાના વૃધ્ધ માતા, બહેન ની ભરણપોષણની જવાબદારી છે. આમ, સામાવાળાએ કયારેય પણ અરજદારનો ત્યાગ કરેલ નથી પરંતુ અરજદારને સામાવાળા સાથે રહેવું નહોય અરજદારે તદ્દન ખોટા, બનાવટી અને પાયાવીહોણા આક્ષેપો કરી માત્રને માત્ર તેઓને ખોટી રીતે હેરાન પરેશાન કરવા તથા તેમની પ્રતિષ્ઠાને ઠેસ પહોંચાડવાના બદ ઈરાદેથી હાલની અરજી કરેલ છે.** જેથી અરજદારોની હાલની અરજી નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

(૩) સદર કામે અરજદારે પોતાની અરજીના સમર્થનમાં રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાની વિગતો નીચે મુજબ છે.

**મૌખિક પુરાવો :–**

| ક્રમ | અરજદારપક્ષે સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | અરજદાર નું સરતપાસનું સોગંદનામુ | ૧૦ |

અરજદાર ધ્વારા ઉપ્રોકત જણાવ્યા સીવાય અન્ય કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવા રેકર્ડ પર રજુ કરવામાં આવેલ નથી અને આંક–૧૯ થી કલોઝીંગ પુરશીશ રજુ કરાયેલ છે.

(૪) અરજદાર પક્ષનો પુરાવો પુર્ણ થયા બાદ સામાવાળા તરફે નીચે મુજબનો પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો :–**

| ક્રમ | સામાવાળાપક્ષે સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | સામાવાળાનું સરતપાસનું સોગંદનામું | ૨૦ |

સામાવાળા પક્ષે ઉપર જણાવ્યા સીવાય અન્ય કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવો રજુ કરાવમાં આવેલ નથી અને સામાવાળા પક્ષે આંક–૨૫ થી કલોઝીગ પુરશીશ રજુ કરવામાં આવેલ છે.

**બંને પક્ષનો પુરાવો પુર્ણ બંને પક્ષના વિ.વ.શ્રીએ અદાલત સમક્ષ રજુઆત કરેલ કે, રેકર્ડના આધારે તેઓની દલીલ સાંભળી લઈ અદાલત ધ્વારા ચુકાદો ફરમાવવામાં આવે.**

(૫) આ કામે પક્ષકારો તરફે રજુ થયેલા પક્ષનિવેદનો તેમજ રેકર્ડ પર રજુ થયેલા પુરાવાઓ તથા ક્રિ.પ્રો.કોડની કલમ–૧૨૫ ની જોગવાઈઓ ધ્યાને લેતાં આ અરજીનાં ન્યાયિક અંત આણવા માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા નં–1 :– શું અરજદાર પુરવાર કરે છે કે ,તેણી સામાવાળાની કાયદેસરની પત્ની છે ?

મુદ્દા નં–2 :– શું અરજદાર પુરવાર કરે છે કે , સામાવાળાએ તેઓનો ત્યાગ કરે લ હોઈ સામાવાળાથી અલગ રહે વા માટે વ્યાજબી અને પુરતા કારણો છે ?

મુદ્દા નં–3 :– શું અરજદાર પુરવાર કરે છે કે , તેણી પોતાનું ભરણપોષણ કરવા અશકિતમાન છે ?

મુદ્દા નં–4 :– શું અરજદાર પુરવાર કરે છે કે , સામાવાળા પાસે આવકના પુરતા સાધનો હોવા છતાં અરજદારનુ ભરણપોષણ કરવામાં બેદરકારી દાખવેલ છે ?

મુદ્દા નં–5 :– શું અરજદાર સામાવાળા પાસેથી ભરણપોષણની રકમ મેળવવા હકકદાર છે ? જો હા તો માસિસક કેટલી રકમ?

મુદ્દા નં–6 :– શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ અંગે મારો નિર્ણય તેના કારણસહીત નીચે મુજબ છે.

મુદ્દા નં–1 :– હકારમાં

મુદ્દા નં–2 :– હકારમાં

મુદ્દા નં–3 :– હકારમાં

મુદ્દા નં–4 :– હકારમાં

મુદ્દા નં–5 :– અંશત : હકારમાં અરજદાર નં.૧ ને માસીક રૂા.૨,૫૦૦/– અરજદાર નં.૨ ને માસીક રૂા.૧,૫૦૦/–, અરજદાર નં.૩ ને માસીક રૂા.૧,૫૦૦/–

મુદ્દા નં–6 :– આખરી હુકમ મુજબ .

**(૭) પુરાવાનું મુલ્યાંકન અને ઉપરોકત નિર્ણય માટેના કારણો :–**

**(૭.૧) <u>મુદ્દા નં. ૧ :–</u>**

આ કામના અરજદારે પોતાની આંક–૧ વાળી અરજીમાં તથા આંક–૧૦ વાળા સરતપાસના સોગંદનામામાં જણાવેલ છે કે, તેણીના લગ્ન આ કામના સામાવાળા સાથે ઉના તાલુકાના ગાંગડા મુકામે હિન્દુ શાસ્ત્રોકત વિધી તથા જ્ઞાતિના રીત રીવાજ મુજબ થયેલા હતા અને ત્યારથી અરજદાર સામાવાળાના કાયદેસરના પત્નિ છે. અરજદારની સદર અરજ હકીકતનો સામાવાળા ધ્વારા રજુ કરવામાં આવેલ આંક– ૬ વાળા જવાબમાં સ્વીકાર કરવામાં આવેલ છે. આમ, લગ્ન અંગેની હકીકત **ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૫૮** અન્વયે અરજદારે પુરવાર કરવાની રહેતી ના હોઈ **મુદ્દા નં.૧નો જવાબ આથી 'હકારમાં'** આપવામાં આવે છે.

**(૭.૨) <u>મુદ્દા નં.૨ અને ૩ :–</u>**

ઉપરોકત બંને મુદાઓ એક બીજા સાથે સંકળાયેલા હોઈ પુનરાવર્તન ટાળવાના હેતુથી બંને મુદાઓની ચર્ચા એક સાથે કરેલ છે.

સદર મુદ્દાઓ પરત્વે અરજદારના વિ.વ.શ્રીએ મૌખીક દલીલ કરતા જણાવેલ છે કે, આ કામે અરજદારે આપેલ જુબાનીથી એ હકીકત પુરવાર થાય છે કે, આ કામના સામાવાળાએ માનસીક તથા શારીરીક દુ:ખ ત્રાસ આપી તેણીનો ત્યાગ કરેલ છે અને આ કામના અરજદાર સામાવાળી થી અલગ રહીને પોતાના બહેનને ત્યાં ઓશીયાળુ જીવન ગુજારે છે. જેથી એ હકીકત પણ પુરવાર થાઈ છે કે, અરજદાર પોતાનું ભરણપોષણ કરવા માટે અશકિતમાન છે.

જયારે પ્રતિપક્ષે સામાવાળાના વિ.વ.શ્રીએ દલીલ કરતા જણાવેલ છે કે, આ કામના અરજદાર શરુઆતથી જ સ્વચ્છંદી સ્વભાવના હતા જેથી અવારનવાર સામાવાળાનો ત્યાગ કરી પોતાના માવતરે જતા રહેતા હતા. વધુમાં તેઓએ જણાવેલ છે કે, આ કામના અરજદારે તેમના પરિવારના સદસ્યો વિરૂધ્ધ ખોટા આક્ષેપો કરી તેમને બદનામ કરવાના ઈરાદે હાલની

અરજી કરેલ છે. વધુમાં તેઓએ દલીલ કરતા જણાવેલ છે કે, તેઓ કોમ્પ્યુટર જોબ વર્ક કરી મહીને રૂા.૨૦,૦૦૦/– હજાર કમાય પોતાના સહીત, પોતાના વૃધ્ધ માતા, બહેન નું ભરણ પોષણ કરે છે. આમ, અરજદાર ખોટી હકીકતો જણાવી માત્ર ને માત્ર સામાવાળને બદનામ કરવાના આશયથી હાલની ખોટી અરજી કરેલ છે અનેઅરજદારે સ્વેચ્છાએ સામાવાળા તથા તેમના પરીવારનો ત્યાગ કરેલ હોય તેવું સ્પષ્ટ પણે ફલીત થાય છે. ત્યારે અરજદાર સામવાળા પાસેથી કોઇ પણ ભરણપોષણ મેળવવા હકદાર ન હોય અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૭.૩) ઉભય પક્ષે કરેલ દલીલોના પરીપ્રેક્ષ્યમાં જો સદર કામે રેકર્ડ પર આવેલ પુરાવો ધ્યાને લેવામાં આવે તો, આ કામે અરજદારે **આંક–૧૦** થી રજુ કરેલ પોતાની સરતપાસનું સોગંદનામુ વંચાણે લેવામાં આવે તો, તેઓએ પોતાની અરજ હકીકતને સંપુર્ણ સમર્થન આપેલ છે. જયારે તેઓની ઉલટતપાસમાં મહદઅંશે તમામ હકીકતોનો ઈન્કાર કરેલ કરી માત્ર ને માત્ર એટલી જ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મારે સામાવાળા સાથે પ્રેમ સંબંધ હતો ત્યારબાદ લગ્ન થયેલ છે, મારે લગ્ન અગાઉ છ માસ પહેલાથી સામાવાળા સાથે પરીચય હતો, લગ્ન બાદ હુ વાસોજ મુકામે દોઢ વર્ષ રહેલ, હુ વાસોજ મુકામે સંયુકત કુટુંબમાં સાસરીમાં રહેતી હતી, મે મારકુટ બાબતે કોઈ પોલીસ ફરીયાદ કરેલ નથી, દવાના ખર્ચ અંગેના કોઈ દસ્તાવેજી આધાર પુરાવા આ કામે રજુ કરેલ નથી, સામાવાળા ડ્રાઈવીંગ કરી રૂા.૫૦,૦૦૦/– કમાતા હોવાનો મે કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ કરેલ નથી, હુ ગાંગડા મુકામે રહુ છુ તેનો કોઈ આધાર પુરાવો મારી પાસે નથી. આમ, સમગ્ર પણે અરજદારનો પુરાવો વંચાણે લેવામાં આવે તો, અરજદારની ઉલટતપાસમાં કોઈ વિપરીત હકીકત રેકર્ડ પર આવેલ નથી કે જેના થી એ સાબીત થાય કે, અરજદારને સામવાળાથી અલગ રહેવા માટે વ્યાજબી અને પુરતા કારણો અસ્તીત્વમાં નથી. તે જ રીતે એવો પણ પુરાવો રેકર્ડ પર આવેલ નથી કે, અરજદાર પોતાનું ભરણ

પોષણ કરવા માટે શકિતમાન છે. જેથી એ માનવાને કારણ રહે છે કે, આ કામના સામાવાળાએ અરજદારને માનસીક તથા શારીરીક દુ:ખ ત્રાસ આપેલ હતો. જેથી અરજદાર પાસે સામાવાળાથી અલગ રહેવા માટે વ્યાજબી અને પુરતા કારણો અસ્તીત્વ ધરાવે છે.

(૭.૪) જયારે પ્રતિપક્ષે સામાવાળાએ અરજદારની અરજ હકીકત વિરૂધ્ધમાં **આંક–૨૦** થી સામાવાળાએ તેઓએ અરજદારની પોતાની સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે.જેમાં તેઓએ અરજદારની અરજ હકીકતનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે પરંતુ સાથે સાથે તેઓએ પોતાની ઉલટતપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, અરજદારો મારા પત્ની અને બાળકો છે, મારા લગ્ન અરજદાર નં.૧ સાથે ગાંગડા મુકામે થયેલા, અમે ત્રણ ભાઈઓ અને એક બહેન છીએ, લગ્ન બાદ અમો સંયુકત કુટુંબમાં રહેતા હતા, મે આજદિન સુધી અરજદારોને ભરણ પોષણની રકમ ચુકવેલ નથી, આ કામે મે કોઈ નોટીસ રજુ કરેલ નથી, મારી માતાને એટેક આવેલ છે તેના દસ્તાવેજી પુરાવા મે આ કામે રજુ કરેલ છે, મને કાર ચલાવતા આવડે છે, હુ ડ્રાઈવીંગનુ છુટક કામ કરુ છુ, મારા પિતા માછીમારી કરવા જાય છે, મારા જવાબમાં અરજદાર રૂા.૧૬,૦૦૦/– કમાતા હોવાનું જણાવેલ છે જયારે સોગંદનામામા રૂા.૩૦,૦૦૦/– કમાતા હોવાનું જણાવેલ છે. આમ , સામાવાળાની સંપુર્ણ જુબાની ધ્યાને લેતાં જણાય છે કે , સામાવાળાએ અરજદારનો સ્વેચ્છાએ ત્યાગ કરેલ છે.

(૭.૫) આમ, સમગ્રપણે બંને પક્ષે રજુ થયેલ મૌખીક પુરાવો ધ્યાને લેતા એક પક્ષકાર જે હકીકત નિરુપીત કરે છે તેને બીજો પક્ષકાર ઈન્કાર કરે છે અને બંને પક્ષકારો ધ્વારા એવા કોઈ સ્વતંત્ર સાહેદ તપાસાયેલ નથી કે જે બંનેની હકીકતોને સમર્થન આપે પરંતુ જો રેકર્ડ પરની હકીકતને ધ્યોન લઈએ તો એ હકીકત સ્વીકૃત હકીકત છે કે, **હાલમાં અરજદાર પોતાના માવતરને ત્યાં રહે છે અને તેમના ભરપોષણની જવાબદારી અરજદાર**

**જાતે ઉઠાવે છે. વધુમાં સામાવાળાએ જયારે એવું જણાવેલ છે કે, તેઓ અરજદારને તેડવા ગયેલા અથવા તો અરજદારના ભરણપોષણની કાળજી લીધેલી તો તે હકીકતના સમર્થનમાં સામાવાળાએ કોઈ પુરાવો રજુ કરેલ નથી. જેથી એ માનવાને કારણ રહે છે કે, સામાવાળાએ અરજદારોનો કોઈ પણ વ્યાજબી કારણ વગર ત્યાગ કરેલ છે અને અરજદારને સામાવાળાથી અલગ રહેવા માટે વ્યાજબી અને પુરતા કારણો ઉપલબ્ધ છે.** જેથી એ માનવાને કારણ રહે છે કે, આ કામના અરજદાર પોતાનું ભરણપોષણ કરવા અશકિતમાન છે. જેથી **મુદ્દા નં. ૨ અને ૩નો જવાબ '' હકારમાં '' આપવામાં આવે છે.**

(૭.૬) <u>**મુદ્દા નં. ૪ :-**</u>

સદર મુદ્દા પરત્વે અરજદારના વિ.વ.શ્રીએ જણાવેલ છે કે, આ કામના સામાવાળા **ડ્રાઈવીંગ કરી મહીને રૂા.૫૦,૦૦૦/- જેટલી આવક મેળવે છે અને સામાવાળાના પિતા ફીશીંગ બોટમાં જઈ વાર્ષિક રૂા.૧,૩૮,૦૦૦/- કમાય છે. સામાવાળાને વાસોજ મુકામે માલીકીનુ મકાન આવેલ છે.** જયારે આ કામના અરજદાર કોઈ હુનર ઉઘ્યોગ જાણતા નથી તથા પોતાના માવતરને ત્યાં ઓશીયાળું જીવન ગુજારી પોતાનું ભરણ પોષણ કરે છે.

જયારે પ્રતિપક્ષે સામાવાળાના વિ.વ.શ્રીએ દલીલ કરતા જણાવેલ છે કે, તેઓ **છુટક મજુરી કરી રોજના રૂા.૧૫૦ થી ૨૦૦ કમાઈ છે.** જેટલી આવક કમાય છે અને મોં ઘવારીની અસહય મારમાં માંડ માંડ પોતાના સહીત પોતાના માતા, પિતા તથા બહેનનું ભરણ પોષણ કરે છે.

(૭.૭) <u>**મુદા નં. ૫ :-**</u>

સદર મુદા પરત્વે નિર્ણય કરતા પહેલા સદર અદાલત નામદાર સર્વોચ્ચ અદાલત ઘ્વારા નિર્ણીત **ક્રિ.અપીલ નં. ૭૩૦/૨૦૨૦ રજનેશ વસીસ નેહાના ચુકાદામાં નામ.સર્વોચ્ચ અદાલતે સ્થાપીત કરેલ માર્ગદર્શિકાનાઓને** વંચાણે લેવાનું ઉચ્ચીત સમજે છે. જેમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે, **ભરણપોષણની રકમ**

**એવી ન હોવી જોઈએ કે જેથી પત્નિ એશો આરામથી પતિથી દુર રહી શકે અને તેટલી ઓછી પણ ન હોવી જોઈએ કે પત્નિ પોતાની જીવન જરૂરીયાતની પાયાની વસ્તુ પણ ન મેળવી શકે.**

(૭.૮) આમ, ઉપ્રોકત ચુકાદાના ઉજાસમાં જો રેકર્ડ પર આવેલ પુરાવો ધ્યાને લેવામાં આવે તો અગાઉ ચર્ચા કર્યા અનુસાર સદર કામે રેકર્ડ પરના પુરાવાથી આ કામના સામાવાળા પોતાના, અરજદારના અને પોતાના પરીવારના સદસ્યો સહીત એમ **કુલ ૪** વ્યકિતઓનું ભરણ પોષણ કરી શકે તેટલી આર્થીક શક્ષમતા ધરાવે છે જે હકીકત પુરવાર થયેલ છે. **જયારે સદર કામે રેકર્ડ પરના પુરાવાથી એ હકીકત પણ સાબીત થયેલ છે કે, આ કામના અરજદાર પાસે પોતાનું ભરણ પોષણ કરવા કોઈ સ્વતંત્ર આવકનું સાધન નથી. જેથી સદર અદાલતનું માનવું છે કે, આ કામના અરજદાર સામાવાળા પાસેથી ભરણપોષણ મેળવવા હકકદાર છે પરંતુ અરજદારને કેટલું ભરણ પોષણ આપવું જોઈએ તે સંદર્ભે રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતા ક્રિ.પ્રો.કોડની કલમ–૧૨૫ મુજબ ભરણપોષણની રકમ નકકી કરતા સમયે નીચેની વિગતો ધ્યાને લઈ શકાય :–**

| | | |
|---|---|---|
| એ | :– | *જે વ્યકિતએ ભરણપોષણ આપવાનું છે તેની આવક અગર કમાવવાની શકિત,* |
| બી | :– | *પક્ષકારોનો મોભો,* |
| સી | :– | *ભરણપોષણ માટે હકકદાર વ્યકિતની પાયાની જરૂરીયાતો,* |
| ડી | :– | *જે વ્યકિતએ ભરણપોષણ આપવાનું છે તેના ઉપરની જવાબદારીઓ,* |
| ઈ | :– | *જે વ્યકિતએ ભરણપોષણ મેળવવાનું છે તેની કમાણી કરવાનું કોઈ સ્વતંત્ર સાધન છે કે કેમ ?* |
| એફ | :– | *બજારમાં પ્રવર્તમાન જુદી જુદી વસ્તુઓની કિંમત* |
| જી | :– | *પક્ષકારોની ઉમર,* |
| એચ | :– | *અરજદારનો સંયુકત ઘરમાં રહેવાનો અધિકાર,* |

| | | |
|---|---|---|
| આઈ | :– | *પક્ષકારો પર રહેલ સગીર વયના બાળકની જવાબદારી,* |
| જે | :– | *પક્ષકારોને થયેલ કોઈ બીમારી કે આરોગ્ય માટે થતા કોઈ ખર્ચા,* |

આમ, ઉપરોકત તમામ હકીકતોને ધ્યાને લેતા સદર અદાલતનું માનવુ છે કે, **ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૫૭ મુજબ** જો દૈનીક ચીજ વસ્તુઓના ભાવ અને મોંઘવારીની હકીકત ધ્યાને લેવામાં આવે તો, રૂપીયાની ખરીદ શકિત રોજ બરોજ ઘટતી જાય છે અને તેથી જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓ મોઘી થયેલ છે. તે સં જોગોમાં સામવાળાની આવક અને જવાબદારીઓ ધ્યાને લેતા તેમજ અરજદારનો મોભો ધ્યાને લેતા સ્વાભાવીક રીતે જ અરજદારને પોતાના ભરણપોષણ માટે તથા પોતાની જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓની માંગ સંતોષવા તથા આકસ્મીક આવતી બીમારીને પહોચી વળવા માટે **અરજદાર નં.૧ ને માસિક રૂા.૨,૫૦૦/–, અરજદાર નં.ર ને માસિક રૂા.૧,૫૦૦/– તથા અરજદાર નં.૩ ને માસિક રૂા.૧,૫૦૦/– ની જરૂરીયાત ઉપસ્થિત થાય જેથી સદર અદાલતનું માનવું છે કે, કુલ માસીક રૂા.૫,૫૦૦/–** **ભરણપોષણ મેળવવા હકકદાર છે. સબબ મુદા નં. ૫ નો જવાબ 'અંશત: હકારમાં'** આપવામાં આવે છે.

(૮) આ કામના સામાવાળા તરફે જયુરીડીકશન અંગે તકરાર લીધેલ છે અને એવી હકીકત જણાવેલ છે કે, અરજદાર ગાંગડા મુકામે રહેતા હોય તેવો કોઈ પુરાવો સદર કામે રજુ કરેલ નથી.

હવે સી.આર.પી.સી. કલમ–૧૨૬ અન્વયેના જયુરીડીકશન બાબતે જોઈએ તો, જે નીચે મુજબ છે.

(1) where he is, or

(2) where he or his wife resides, or

(3) where he last resided with his wife, or as the case may be, with the mother of the illegitimate child.

જે મુજબ જોઈએ તો સામાવાળા જ્યાં રહેતા હોય ત્યાં પણ દાખલ કરી શકાય. જે બાબતે રેકર્ડ જોતા સામાવાળા વાંસોજ મુકામે રહે છે અને તે સરનામે નોટીસ ઈશ્યુ કરતા સામાવાળા હાજર થયેલ છે અને તે જ્યુરીડીકશન અંત્રેની કોર્ટને લાગુ પડે છે તેવુ નમ્ર પણે માનવુ છે. વધુમાં, સામાવાળા કમાય છે તે બાબતે અરજદાર તરફે કોઈ પુરાવો રજુ કરેલ નથી. પરંતુ સામાવાળા ડ્રાઈવીંગનો ધંધો મુંબઈ મુકામે કરે છે તે બાબતે સમર્થન કરેલ છે. સામાન્ય રીતે મુંબઈ મુકામે ડ્રાઈવીંગનો ધંધો કરતા હોય તો સામાવાળા આવક મેળવે છે તેવું માની શકાય છે.

(૯) ભરણપોષણ કઈ તારીખથી આપવું તે અદાલતની વિવેક બુધ્ધીનો સવાલ છે પરંતુ નામદાર સર્વોચ્ચ અદાલતે રજનેશ(સુપ્રા)ના ચુકાદામાં એ સ્પષ્ટ ડાયરેકશન આપેલ છે કે, ભરણપોષણને લગતી તમામ પ્રકારની અરજીઓમાં અરજી કર્યા તારીખ થી ભરણપોષણનો હુકમ કરવો જોઈએ. વધુમાં આ કામે જોવામાં આવે તો જ્યારથી અરજદાર સામાવાળાથી અલગ રહે છે ત્યારથી સામાવાળાએ અરજદારના ભરણ પોષણ માટે કોઈ દરકાર લીધેલ હોય કે નાણાકીય સહાય કરે લ હોય તેવુ બનેલ નથી. જેથી આ કામના અરજદારને અરજી કર્યા તારીખથી ભરણપોષણ ચુકવી આપવાનો હુકમ કરવો ન્યાયી અને ઉચ્ચીત જણાય છે. **જેથી સદર કેસનો ન્યાયીક અંત આણવા સારૂ અને મુદા-૬નો જવાબ આપવા સારૂ ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.**

## -૦: આખરી હુકમ :૦-

૧. અરજદારની અરજી આથી અંશત: મંજુર કરવામાં આવે છે.

૨. આ કામે સામાવાળાને આથી આદેશ આપવામાં આવે છે કે, તેઓએ સદર કામના અરજદારને અરજી કર્યાની તારીખથી એટલે કે, **તા.૦૭-૦૮-૨૦૨૦ ના રોજ થી અરજદાર નં.૧ ને માસિક રૂા.૨,૫૦૦/-, અરજદાર નં.૨ ને માસિક રૂા.૧,૫૦૦/- તથા અરજદાર**

**નં.૩ ને માસિક રૂા.૧,૫૦૦/– મળી કુલ રૂા.૫,૫૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પાંચસો પુરા)** ભરણ પોષણ પેટે અરજદારને ચડયે ચડયે નીયમીત રીતે ચુકવી આપવા.

૩. સામાવાળાએ અરજદારને સદર અરજીના ખર્ચ પેટે અલગથી **રૂા. ૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા)** ચુકવી આપવા.

૪. **ક્રિ.પ્રો.કોડની કલમ–૧૨૮** અન્વયે સદર હુકમની નકલ અરજદારને વિના મુલ્યે આપવી.

હુકમ આજ તારીખ: ૦૨**–મી માહે– સપ્ટેમ્બર, સને ૨૦૨૩** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૦૨/૦૯/૨૦૨૩
ઉના

**(એ.એ.જાની)**
એડીશ્નલ જ્યુડી.મેજીસ્ટ્રેટ
ઉના
(જીજે–૦૧૬૪૪)